# ગાંધી-વાણી

□ બુરાઈ આ જગતમાં શાથી છે અને શી ચીજ છે, એ પ્રશ્નો આપણી મર્યાદીત બુદ્ધીથી પર છે. આપણે એટલું જાણીએ એટલે બસ છે કે બુરાઈ તથા ભલાઈ બંને છે અને જ્યારે આપણે એ બંને મુદ્દા ઓળખી શકીએ ત્યારે આપણે ભલાઈને પસંદ કરવી જોઈએ અને બુરાઈને ત્યજવી જોઈએ.

□ योगः कर्मसु कौशलम કર્મ એટલે સેવાકાર્ય, યજ્ઞ. આપણી બધી મુસીબતો આપણી અકુશળતામાં છે. કુશળતા આવે તો આપણને અત્યારે જે અકુશળલાગે છે તે આનંદદાયી લાગે. મારો દૃઢ અભીપ્રાય છે કે સુવ્યવસ્થીત સાત્ત્વીક તંત્રમાં ખેંચ જણાવી ન જોઈએ.

□ ખળભળાટ વીનાનું જીવન નીરસ વસ્તુ થઈ પડે. એવી આશા જ ન રાખવી. એટલે વીષમતાઓ સહી લેવામાં જ ડહાપણ છે. રામાયણમાંથી આ જ શીખવાનું છે.

□ આપણાં રોજનાં કામ ગમે તેટલાં નાનાં હોય પણ તેમાંથી આપણે પુરો સંતોષ મેળવી લઈએ એના જેવું બીજું કશું નથી. જેઓ રાહ જુએ છે, જાગ્રત રહે છે અને પ્રાર્થના કરે છે તેને ઈશ્વર હમેશાં મોટાં કામો અને મોટી જવાબદારીઓ મેળવી આપે છે.

## -મો. ક. ગાંધી-

-‘ઉંઝા જોડણી’ અને ‘ગુર્જરી-કલાપી’ ફોન્ટમાં-

**uttamgajjar@hotmail.com**
**October 2, 2005**

# Ga'ndhi-va'n'i

**□ bura'i a' jagatma' sha'thi ch'e ane shi chij ch'e, e prashno a'pan'i marya'dit budhdhithi par ch'e. a'pan'e et'elu ja'n'ie et'ele bas ch'e ke bura'i tatha' bhala'i banne ch'e ane jya're a'pan'e e banne mudda' ol'akhi shakie tya're a'pan'e bhala'ine pasand karvi joie ane bura'ine tyajvi joie.**

□ योगः कर्मसु कौशलम **karm et'le seva'ka'rya, yagna. a'pan'i badhi musibato a'pan'i akushal'ta'ma' ch'e. kushal'ta' a've to a'pan'ne atya're je akushal'ta' la'ge ch'e te a'nandda'yi la'ge. ma'ro drudh' abhipra'y ch'e ke suvyavasthit sa'tvik tantrama' khench jan'a'vi na joie.**

**□ khal'bhal'a't' vina'nu jivan niras vastu thai pad'e. evi a'sha' j na ra'khavi. et'ale vishamta' sahi leva'ma' j d'aha'pan' ch'e. Ra'ma'yan'ma'thi a' j shikhava'nu ch'e.**

**□ a'pn'a' rojna' ka'm game tet'ala' na'na' hoy pan' tema'thi a'pan'e puro santosh mel'vi laie ena' jevu biju kashu nathi. jeo ra'h jue ch'e, jagrat rahe ch'e ane pra'rthana' kare ch'e tene Ishvar hamesha' mot'a' ka'mo ane mot'i java'bda'rio mel'avi a'pe ch'e.**

## -Mo. Ka. Ga'ndhi-

**-eBha'rti-Romanized Gujra'ti ane Unza' Jod'an'ima'-**

**uttamgajjar@hotmail.com**
**October 2, 2005**

PDF created with pdfFactory trial version www.pdffactory.com

PDF created with pdfFactory trial version www.pdffactory.com